# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે ફાયર સેફ્ટી અંગેની ચકાસણી કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

તારીખ: ૦૩-૦૫-૨૦૨૧



રાજકોટ શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે આવેલ સ્ટર્લિંગ હોસ્પિટલ દ્વારા જનરલ દર્દીઓની અને કોવીડ-૧૯ના દર્દીઓની સારવાર કરવામાં આવે છે. તા. ૦૩-૦૫-૨૦૨૧ ના રોજ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે સ્ટર્લિંગ હોસ્પિટલની વિઝિટ કરી હતી. જ્યાં કુલ ૨૦૮ બેડની હોસ્પિટલ છે જેમાંથી ૯૮ બેડમાં કોરોનાના દર્દીઓની સારવાર કરવામાં આવે છે તેમજ બાકીના બેડમાં જનરલ દર્દીઓની સારવાર કરવામાં આવે છે. આ મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનરશ્રીએ I.C.U., હોસ્પિટલ મેનેજમેન્ટ, ઇમરજન્સીમાં બહારનો રસ્તો, ફાયર સેફ્ટી વિગેરેની ચકાસણી કરી હતી.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા